International Journal of Research in all Subjects in Multi Languages | Vol. 4, Issue: 5, May: 2016
[Author: Dr. Kalpana B. Ganvit] [Subject: Gujarati] | (IJRSML) ISSN: 2321 - 2853

# દલિતવાર્તા સૃષ્ટિ : સંપાદક મોહન પરમાર

## ડૉ. કલ્પના બચુભાઈ ગાંવિત
એસોસિએટ પ્રોફેસર, (ગુજરાતી વિભાગ)
જી. ડી. મોદી કૉલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર

ગુજરાતમાં દલિતસાહિત્ય અંગેની સભાનતા મહારાષ્ટ્રને અનુસરીને આવી આમતો ગુજરાતી દલિત સાહિત્ય નો ઉદ્ભવ ઈ.સ. ૧૯૭૫ની આસપાસ થયો. જો કે, ગુજરાતી દલિત સાહિત્યની ખરી શરૂઆત ૧૯૮૧ થી ૧૯૮૫ ના બે અનામત વિરોધી આંદોલનોથી થઈ ગણાય. ગુજરાતી દલિત સાહિત્યની આજ, ગઈકાલ કરતાં કંઈક અંશે પરિપક્વ લાગે છે. દલિત સાહિત્ય ને પગભર કરવા મથતા સર્જકોની વિચારધારા બહુ પરિણામ લક્ષી રહી છે. દલિતોના દુઃખદર્દો, વેદના અને આક્રોશ સામે સાહજિક પણે ઉભું થયેલું આંતરવિશ્વ દલિત સાહિત્યની આવતીકાલને સુદ્દઢ બનાવવા માટે પૂરતું છે.

૧૯૮૭ માં ગુજરાતી દલિતવાર્તા ના સંપાદન પછી ગુજરાતી સાહિત્યમાં દલિતવાર્તાનાં જે પગરણ મંડાયા તે અનન્ય અને અમૂલ્ય છે. સામાજિક મૂલ્યોને પ્રસ્થાપિત કરી તેના ગોપિત અંશોને પ્રકાશમાં લાવવાનું કામ પણ દલિતવાર્તા એ કર્યું છે. દલિત સમાજના રિતરિવાજો, રહેણી કરણી અને આશા અરમાનોનું એક જુદુજ વિશ્વ છે. આ વિશ્વનું સર્જન કરીને પણ દલિતવાર્તા અન્યાયો સામે આક્રોશ અને વિદ્રોહને સૂક્ષ્મ સ્વરૂપે પ્રગટ કરી શકે છે. આમ, ગુજરાતી દલિતવાર્તા જુદી જુદી દિશાઓમાં વિસ્તરી રહી છે. દરેક વાર્તાકારો પોતપોતાની રીતે દલિતવાર્તાને સમૃધ્ધ કરવામાં પ્રવૃત્ત છે.[૧]

અહીં મેં આ શોધ નિબંધમાં અનુઆધુનિક યુગના ગુજરાતી દલિત સાહિત્યના શ્રેષ્ઠ સર્જક શ્રી મોહન પરમાર સંપાદિત દલિત વાર્તા સૃષ્ટિ વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

ગુજરાત મેરીટાઈમબોર્ડમાં વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી મોહન પરમાર વાર્તાકાર, નવલકાર, નાટ્યકાર, વિવેચક, સંપાદક તરીકે ગુજરાતી સાહિત્યમાં સુપ્રતિષ્ઠિત છે. શ્રી મોહન પરમારનું વાર્તાક્ષેત્રે નોંધપાત્ર સ્થાન છે. મોહન પરમાર ટૂંકીવાર્તા સાથે લોહીના નાતે જોડાય છે. ગુજરાતી વાચકોએ તેમને સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી તથા સાહિત્ય સંસ્થાઓએ તેમને વિવિધ પુરસ્કારો આપી નવાજ્યા છે.

શ્રી મોહન પરમારે આ સંપાદનમાં ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ દલિતવાર્તાકારો સર્વશ્રી જોસેફ મેકવાન, પ્રવિણ ગઢવી, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર, રાઘવજી માધડ, દલપત ચૌહાણ, ભી.ન. વણકર, હરીશ મંગલમ્, બી કેશર શિવમ, માવજી મહેશ્વરી તથા મોહન પરમાર જેવા સર્જકોની શ્રેષ્ઠ વાર્તાઓને સંગ્રહિત કરીને એક નોંધપાત્ર ગ્રંથ આપ્યો છે.

સંગ્રહની પ્રથમવાર્તા ‘છગનાને ન સમજાતા સવાલો’ માં શ્રી જોસેફ મેકવાને રસાળશૈલીમાં કુમલી અને છગનાની હેતાળક્ષણોનું સુંદર નિરૂપણ કર્યું છે. વરસતા વરસાદમાં ધરાશયી થયેલા છાપરાને મૂકીને મલક પાર ઉતરી ગયેલાં કુમલી અને છગનાની યાતનાનું પરિબળ કુમલીનું દેહ સૌષ્ઠવ બને છે. બહારથી પ્રજાના હિતરક્ષક દેખાતા છબીલદાસ અંદરથી પુરે પૂરા કામાંધ છે. આદિવાસી પ્રજાનું શોષણ તેમના હિતરક્ષકો દ્વારા જ થતું આવ્યું છે તેની ગવાહી આ વાર્તા આપે છે.

છગાનો મેટ્રીક પાસ છે.પૈસા વિના નોકરી મળતી નથી. મલક પાર ઉતરી ગયા પછી છબીલદાસનો પરિચય એ યાતનાનું મૂળ બને છે. કુમલીના જાતીય શોષણની સાથે સાથે છગનાનું આર્થિક શોષણ પણ થતું રહ્યું છે. છગના અને કુમલીના પરિશ્રમ થી તૈયાર થયેલા બંગલાના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી વખાણ કરતાં કહે છે કે છબીલદાસે એક આદિવાસી છોકરાને ત્રીજા પુત્ર તરીકે દત્તક લીધો છે. દત્તક તરીકે લીધેલ છગનાની પત્નીનું જાતીય શોષણ કરવામાં આવે છે. હરપળે છગનાને અનેક પ્રશ્નોએ મંઝળી નાંખ્યો છે. અને ન સમજાતા સવાલોનો ઉકેલ આ સામાજિક વર્ણ વ્યવ્યવસ્થામાંથી મળવો મુશ્કેલ છે. કેટલી હદે ઉપલા વર્ગની હીનવૃત્તિ વકરી ઉઠે છે તેનો આ વાર્તામાં ચિતાર મળી રહે છે.

સંગ્રહના બીજા વાર્તાકાર પ્રવિણ ગઢવી છે અને એમની ‘જી સાહેબ’ વાર્તા જુદીજ ભાત પાડે છે. કલાસવન અધિકારી તરીકે પસંદગી પામેલો દલિત યુવાન તેના પોસ્ટીંગના સ્થળે હાજર થાય છે. કથાનાયકને તેનો અતિત યાદ છે. સામાજિક દુષણો અને અન્યાયોને દૂર કરવાનુ એના માટે હવે શક્ય બન્યું છે. કેમકે, હવે એ અધિકારી બન્યો છે. કલાસવન અધિકારીની ટ્રેનિંગ વખતે કોઈએ પ્રશ્ન પૂછેલો. સાહેબ અનામત પ્રથા હોવી જોઈએ કે નહી ? ત્યારે એક સાથે સૌ બોલી પડેલા : અનામત પ્રથા આવતા હજાર વર્ષ સુધી ચાલુ રહેવી જોઈએ પણ નાયક ની આ ખુમારી ઝાઝી ટકતી નથી. એકવાર એક ગામમાં હરિજનો ના ગામતળના પ્રશ્નએ પાણીમાં બેસી જાય છે. લોકસભ્યશ્રીની નારાજગી વહોરવી ગમતી નથી. તેમના વશમાં રહીને એ હરિજનોને અન્યાય કરી બેસે છે. અહીં કથાનાયકની દ્વિધામાં ભીરૂતાના દર્શન થાય છે. ક્યારેક દલિતો દ્વારાજ દલિતોને થતું નુકશાન ભયંકર હોય છે તેવો આ વાર્તાનો સૂર છે.[૨]

અનેકવાર સાહિત્ય પરિષદ દ્વારા શ્રેષ્ઠ વાર્તાકારના સન્માન થી ખેંચાઈ ચૂકેલા ધરમાભાઈ શ્રીમાળીએ ‘નરક’ નામે વાર્તા સંગ્રહ આપ્યો છે. આ સંગ્રહની મુખ્યવાર્તા નરકમાં અસ્પૃષ્યતા નું ઘૃણિતમાંય ઘૃણિતકાર્ય માનવ મળનું વહન કરવાનું અને તદ્સંબંધે આ વાર્તા નિરૂપાઈ છે.

મેલુ ઉપાડવા માટેની નાયિકાની સૂગ નાનપણ થીજ છે. પરણીને શહેરમાં ગઈ છે તોય તે સૂગ એને પીડા આપે છે. નાકના ટેરવે ચડી ગયેલી ગંધ કેમેય હટવાનું નામ લેતી નથી. ત્યારે દીકરી સમાચાર આપે છે. કાંતિકાકા ને ત્યાં પિક્ચરવાળા આવ્યા છે. દીકરી સમાચાર આપી ચાલી જાય છે. રતન પોતાનું બાળપણ યાદ કરે છે કે , જે રતનને બાળપણથી પોતાના પારંપારિક કાર્ય મરેલું ઢોર ખેંચવું , અને પરબલું માંગવા જવું, આ બંને કાર્યો ઉપર અતિશય સૂગ હતી તે જ રતનને અહીં જાજરૂ ની સફાઈ, કરવા ઉપરાંત પોતાની જાતને સતત મુકાદમ ની કુદૃષ્ટિ અને સતત અપમાનિત કરતી જોહુકમી થી બચાવવી પડે જે એને જીવતે જીવ નરક નો અહેસાસ કરાવે છે. જે નરક નો અહેસાસ એના પતિને કાંતિભાઈની ફિલમ દ્વારા થાય છે. નિંભર, નિષ્ઠુર સોમો નરક ને ઓળખતા રડી પડે છે. પણ આ વાર્તા આ સમાજ માટે એક સંદેશ મૂકી જાય છે. માનવીના દીકરાની આ દશા ? તેય આ સદીમાં.[3]

સંગ્રહની અન્ય વાર્તા ‘ગીધાનુભૂતિ’ માં દશરથ પરમારે પોતાની સર્જનશક્તિનો જેટલો કસ કઢાય તેટલો કાઢયો છે. વાર્તાનો પ્રારંભ આ રીતે થાય છે. ડાબી આંખ સહેજ ઉઘડી જોયું તો એક ગીધ છાતી પર એની વિશાળ પાંખો પ્રસારી બેઠું છે. આવા અજવાળામાંય રોકડું ભળાય છે. એની લાંબી અણિયાળી ચાંચ જમણી આંખમાં ખૂંપેલી છે. જ્યારે વાર્તાનો અંત કંઈક આવો છે. : માંડમાંડ પાંપણો ઉંચકી જોયું તો પાછું ગઈકાલ વાળું ગીધ છાતીપર ચડી બેઠું છે ને એની ચાંચ મારી ડાબી આંખમાં છે. ને એક મરણચીસ પાડીને હું ફરીથી ……, આ બન્ને પરિસ્થિતિ સર્જવામાં વાર્તાકારની કુનેહ ધ્યાનપાત્ર ઠરે છે. પ્રારંભે થયેલી ક્રિયા અને અંતમાં થયેલી ક્રિયામાં થતું પુનરાવર્તન જ આ કૃતિનું મહત્વનું અંગ છે. કથાનાયક કચડાયેલા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. તો ગીધ શોષણખોર તત્વોનું પ્રતિક છે. કથાનાયક સતત સવર્ણોની ગીધવૃત્તિથી બચવા વલખાં મારી રહ્યો છે. આ ગીધોથી બચવાનો એકજ ઉપાય છે ધર્મ પરિવર્તન…, પણ ધર્મપરિવર્તન થી તો માત્ર પોતાનું ભલું થાય. પણ સમાજનું શું ? હિન્દુ રહીને સવર્ણોની ગીધવૃત્તિનો સામનો કરવા માટેની કથા નાયકની મથામણ

ધ્યાનપાત્ર છે. વાર્તાના પ્રારંભમાં જમણી આંખ અને વાર્તાને અંતે ડાભી આંખ ખોતરવાની ગીધવૃત્તિમાં સવર્ણો દ્વારા દલિતોના થતા દમનનો પર્યાય બની રહે છે.

રાઘવજી માધડ 'છેહ' વાર્તામાં સોમા માંથી સોમાભાઈ અને સોમાભાઈ માંથી સોમો બનેલા કથાનાયકની વેદનામય સ્થિતીનું સુંદર ચિત્રણ કરે છે. કુવો તોડતા અચાનક પગમાં ઘણ વાગી જતાં સોમો પથારીવશ થાય છે. એક દિવસ અચાનક સોમાભાઈની ખબર પૂછવા આવેલા રમુભાઈમાં એક અંગત સ્વાર્થ છૂપાયેલો હતો એટલે સંબોધન કરે છે કે – કાં સોમાભાઈ ! કેમ છે હવે તમારા પગે ..... !, સોમાને બદલે સોમાભાઈ કહીને બોલાવતા રમુભાઈ ફરિશ્તા જેવા લાગે છે. રમુભાઈના અંતરના છળકપટ ની જાણ સોમાને મોડે થાય છે. સોમાને કાનાઠાબાએ કૂવામાં ધકેલી દીધો છે તે પ્રકારનો કેસ કરાવે છે. હળાહળ જૂઠ હોવા છતાં એ મૂંગો રહે છે. રમુભાઈ ચૂંટણીમાં ઉભો રહે છે ચૂંટાઈ જાય છે. પછી રમુભાઈ તરફથી સોમાની ઉપેક્ષા થાય છે. સોમાભાઈ માંથી પુનઃ સોમો બનેલા કથાનાયકની આ વેદનાગ્રસ્ત સ્થિતિ શોષક વર્ગની સ્વાર્થીવૃત્તિનું પોષક છે. ત્રિભેટે ઉભેલા સોમાને નવો મારગ મળે છે પણ આ નવો મારગ કયો ! અંતમાં રાનીપશુની જેમ હસતા સોમાને ચોર પગલે અંધારામાં ઓગળી જતો વાર્તાકારે બતાડ્યો છે.

દલપત ચૌહાણ ની દરબાર વાર્તા અત્યાર સુધીની દલિતવાર્તા ઓમાં અભિવ્યક્તિની દ્દષ્ટિએ ઉત્તમ નીવડી છે. માસ્તર હરિજન છે. એમની બદલી મોતીપુરા ગામની નિશાળમાં થઈ છે. માસ્તરને શરૂઆતથીજ લોકોએ બીવડાવ્યા છે કે મોતીપુરા ગામ માથા ભારે છે. અને એમાંયે ગોબરજીથી ખાસ સંભાળીને રહેવાની ચેતવણી આપી છે. મહોલ્લાના માણસોએય એમને ચેતવ્યા છે કે – જુઓ માસ્તર ! ગોમ્મસ શાંતિથી રે જો, પણ માસ્તરની કુનેહ એમને બચાવીલે છે. ગોબરજીને માસ્તર દરબાર કહીને સંબોધે છે. ત્યારે ગોબરજી માસ્તર પર ઓળઘોળ થઈ જાય છે. છતાં મનમાંથી પેલું આભડછેટનું ભૂત ગયું નથી. પણ ગોબરજીના આ આભડછેટના ભૂતનું શમન માસ્તર કુનેહ પૂર્વક કરે છે. ઉજળિયાતના મનમાંયુગોથી ઘર કરી ગયેલી ગ્રંથિઓને તોડવાની સમજ તે પણ દલિતોનું એક શસ્ત્ર છે. 'દરબાર'વાર્તામાં વાર્તાકારે કુશળતા પૂર્વક તે શસ્ત્રનો વિનિયોગ કરીને વાર્તાને ધારદાર બનાવી છે. અહીં વાર્તાકાર સામે ચેલેન્જ હતી એ ચેલેન્જ વાર્તાકાર સફળતા પૂર્વક ઉપાડી શક્યા છે.

ભી.ન. વણકર ની 'ધારાવાળ' માં કરસન ડોસાની મનઃસ્થિતિ અને ક્રિયાત્મક સ્થિતિ એક સાથે સમાનાન્તરે વહે છે. કચડાયેલા / શોષિત સમાજને કરવી પડતી વેઠ ભારતીય સામાજિક વર્ણ વ્યવસ્થાના ભાગરૂપે રચાયેલી એક પ્રથા છે. આવી પ્રથાઓને તોડીને જાગૃતિ લાવવાનું વલણ પણ દલિતવાર્તાનું મૂળભૂત અંગ છે.

દશેરાના દિવસે માતાજીના સ્થાને દલિતો દ્વારા ધારાવઈ બાંધવાની પ્રથા છે.કરશનડોસાને દર વર્ષે આ રીતે ધારાવઈ બાંધવી પડે છે. કરશનડોસા ઘરડા થયા. ગયે વર્ષે પુત્ર મેઘનાથે ધારવાઈ બાંધી હતી. તે વખતે લોકો દ્વારા એની થયેલી ટીખળ મશ્કરીએ સહન કરી શક્યો નહોતો. એ વખતે થયેલા અપમાન ને કારણે તે આ દશેરા ઉપર આવ્યો નથી. કરશનડોસા તેની રાહ જોઈને બેઠા છે. મેઘનાથ નથી આવ્યો તેમાં ડોસાને એની અસંમતિના અણસાર વરતાય છે. ધારવાઈ ન બાંધવાથી ભયંકર પરિણામ આવવાનું છે તેવું જાણવા છતાં ડોસા ગામમાં જવાને બદલે સાળમાં ગોઠવાઈ જાય છે ને વણતા વણતા ગાવા લાગ્યા -

'સતની દોરી મેઘધારવે બાંધી હોજી'

ડોસાના મનનું આ પરિવર્તન સામાજિક જાગૃતિનું સૂચક બની રહે છે, તે દ્દષ્ટિએ પણ આ વાર્તાનું મહત્વ છે.

દલો ઉર્ફે દલસિંહ વાર્તામાં જાણીતા વાર્તાકાર હરીશમંગલમે્ મિલોબંધ પડ્યા પછી દલો પગીની નોકરી માટે બે-ત્રણ જગ્યાએ જઈ આવ્યો પણ હરિજનો માટે દરવાજા બંધ હતા. નોકરીનો ક્યાંય મેળ ન પડતા દલાએ નામ બદલ્યું દલામાંથી દલસિંહ દરબાર બનીને પોતાનું દરબાર જેવું વ્યક્તિત્વ ઉભું કરે છે. પગી તરીકે તરત નોકરી મળે છે. અને નિષ્ઠા પૂર્વક ફરજ પણ બજાવે છે. ફરજ દરમિયાન અન્યોના દુષ્કૃત્યો ખુલ્લા પાડે છે.

પણ એ દરબાર છે એટલે સહુને તેની નિષ્ઠા માટે માન છે.પરંતુ દલસિંહની અંદર બેઠેલા હરિજન દલાને સતત પીડા આપી રહી છે.એક દિવસ વેવાઈ મંગળદાસ કાપડની ફેરી કરવા આવી ચડે છે. ને લોકોને દલાની ખરી ઓળખ થાય છે. દલસિંહની હરિજન તરીકે ઓળખ થતાં એની કિંમત કોડીની થઈને રહી જાય છે. વફાદારી, નિષ્ઠા પર જાતિગત પ્રશ્નોનું સામ્રાજ્ય છવાઈ જાય છે. ત્યારે આ સમાજ વ્યવસ્થા સામે બંડ પોકારવાનું મન થઈ જાય છે. અસલિયત ખૂલ્લી પડતાં જાતિગત સમસ્યા એને ભીરુ બનાવે છે. અને એનામાં પલાયનવૃત્તિનાં બીજ સંજોગોને વશવર્તીને રોપાય છે. એકજ માણસના બે ચહેરા ચીતરવામાં વાર્તાકારે કરેલી મથામણ દાદને પાત્ર છે.

પ્રસિધ્ધ વાર્તાકાર કેશરશિવમ્ ની ‘ઉકરડા’ વાર્તા કેન્દ્ર સ્થાને છે ‘ઉકરડા’ વાર્તામાં સવર્ણો દ્વારા દલિતોના મોહલ્લા આગળ ખડકેલા ઉકરડા બને છે. આ ઉકરડાઓને કારણે દલિતોના મહોલ્લાના રહીશોને ભારે સંકડાશ વેઠવી પડે છે. શિક્ષિત દલિત માણસો દ્વારા ઉકરડા ખસેડવાના ઘણા પ્રયત્નો થયા, પણ તેનુંય કોઈ પરિણામ ન આવ્યું. વિધાનસભામાં ચૂંટાઈને મંત્રીપદ પામેલા વાલાભાઈ ઉકરડા ખસેડવા માટે કાર્યરત બને છે. સરપંચ જુદા જુદા કારણો આપી ઉકરડા ખસેડવાનું ટાળે છે. પણ ઉકરડા ખસતા નથી. અન્યાયની સામે આક્રોશ વ્યક્ત કરવા જતાં વાલાભાઈ મંત્રીપદ ખોઈ બેસે છે. અદલિતો દ્વારા દલિતો પર થતો રંજાડ ક્યારેક નવી શક્યતાઓ ખોલી આપે છે. વાર્તાના અંતમાં નિરાશ વદને પાછા ફરેલા વાલાભાઈની બન્ને આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. અન્યાયોના અતિરેક પછી અન્યાય વેઠનારનો પરિતાપ વધુ ઉગ્ર બનીને અર્વિભાવ પામે ત્યારે તેની અસર પરિણામલક્ષી બનેજ બને કેશરશિવમ્ ની આ વાર્તામાં તેમની વાર્તાકાર તરીકેની ઓળખના ચિહ્નો આબાદ રીતે વરતાય છે.

‘તાપણું’ માવજી મહેશ્વરીની હળવી શૈલીમાં લખાયેલી એક ઉત્કૃષ્ટ રચના  છે. કથાનાયક હું દ્વારા કૃતિનો ઉઘાડ થયો છે. કાંતિલાલ અને ગોવિંદ માસ્તર વચ્ચેનો ગજગ્રાહ ઠારવા માં ખમુબાપા કડીરૂપ બને છે. ખમુબાપા પાસેથી નાયક અને એના મિત્રો એ જાણવાના પ્રયાસો કરી રહ્યા છે કે ખમુબાપાએ એવું શું જાદુ કર્યું કે કાંતિયો માની ગયો. સરપંચ ની ચૂંટણીમાં કાંતિયાએ પ્રચાર કરેલોકે હરિજનને વળી સરપંચ બનાવાતો હશે? ગોવિંદ માસ્તરના ભાઈ આજ કારણસર હારી જાય છે. સરપંચની ચૂંટણીમાં કાંતિલાલ જીતી ગયો પણ ગોવિંદ માસ્તરને સીધા કરવાનો લાગ શોધતો હોય છે. કાંતિને એ લાગ મળી જાય છે. મહોલ્લા વચ્ચે જઈ ગોવિંદ માસ્તરને ગાળો બોલી આવે છે. આ કિસ્સામાં ખમુબાપા બન્ને વચ્ચે કડીરૂપ બને છે. ત્યારે નાયક અને ગામના માણસો તાપણા પાસે બેઠા બેઠા ખમુબાપા જે ઓઠું કહે છે તેનો મર્મ પામવાનો પ્રયાસ કરે છે. ત્યારે તેમની પાસેથી કાંતિલાલની મા અને ગોવિંદ માસ્તરના પિતા સાથેના અવૈધ સંબંધોની જાણ થાય છે. પોતે સવર્ણ અને ગોવિંદમાસ્તર હરિજન  જેવી ગ્રંથિઓથી પીડાતા કાંતિલાલનું માનસ પલટાવવામાં લેખકે મૂકેલી કડીઓજ આ કૃતિનું જમા પાસું છે.

વાર્તા સંગ્રહની અંતિમવાર્તા સંપાદકશ્રી મોહન પરમારે પોતાની વાર્તા ‘રઢ’ મૂકી છે. આ ‘રઢ’ વાર્તામાં અદલિત દ્વારા દલિતોને થતો રંજાડ જગજાહેર વાત છે. આ રઢ માં દલિત દ્વારા અદલિતની થયેલી માનહાનિ કેવા રંગરૂપે વેરભાવ ધારણ કરે છે. તેના ઉદાહરણ રૂપે આ વાર્તાને જોઈ શકાય. અહીં નાયક (રણવીર) દ્રષ્ટા છે. માત્ર મૂક સાક્ષી નથી, જુદા જુદા નિરીક્ષણો પણ કરે છે.

દશેરાના દિવસે ઘોડાની હરિફાઈમાં જેઠા મેઘવાળે જશુભા, સરપંચને પાછળ પાડી દીધેલા. જશુભા જેઠાને ચોરે બોલાવીને મારઝુડ કરે છે. પરંતુ એક દિવસ જંગલમાં લાગ જોઈને જશુભાને સખત માર મારે છે. નાયક તેનો સાક્ષી છે.જેઠો તે પછી ગુમ થઈ જાય છે. એક હરિજન થઈને દરબારને મારે તે લાંછન મનમાં ગાંઠવાળીને ફરતા જશુભાની વેરવૃત્તિને પ્રબળ બનાવે છે. કમનસીબે જશુભા જેઠાને મારે તે પહેલાં ચિત્તો જેઠાને મારી નાખે છે. જેઠો ઉપર પહોંચી ગયો, એ સમાચાર મળે છે ત્યારે જશુભા ત્રાડ પાડી ઉઠે છે. જશુભાને અપમાનનો બદલો જેઠાને મારીને લેવો હતો. તેને પીંખી નાંખ્યો હતો. દયાની ભીખ માંગે તેવું કરવું હતું. તેની આંખમાં

મોત જોવું હતું પણ ખેલ ખલાસ થઈ ગયો. જશુભાના મનની ગતિ ફંટાઈ જવામાં રહેલા તથ્યો તપાસીએ તો આ કૃતિની મૂલ્યતા અનેક ગણી વધી જાય છે. વાર્તાકારે વાર્તાનો અંત વધુ કલાત્મક રીતે દર્શાવ્યો છે.[૪]

દલિતવાર્તા સૃષ્ટિ હિન્દુ સમાજના કલંક સમાન ગણાતા અસ્પૃષ્યતાના દૂષણને કેન્દ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓ છે. વિકસતા જતા નગરો અને મહાનગરોમાં આજે આવું કલંક હવે પ્રમાણમાં ઓછું જોવા મળે છે. પરંતુ દૂર દૂરના નાનાં ગામડાંઓમાં આ દૂષણ હજુયે જોવા મળે છે. ત્યારે આપણો કહેવાતો પ્રગતિશીલ અને સુસંસ્કૃત સમાજ પોતાનું સ્વત્ત્વ ગુમાવી બેઠો હોવાની વેદના જોવા મળે છે.

આ ગ્રંથમાં સમાવિષ્ટ બધીજ વાર્તાઓના સર્જકો પોતે ગામડાં માં રહ્યા અને મોટા થયાં છે. ગ્રામ્યજીવનના સંસ્કાર તેમની રગેરગમાં વહે છે. સામાજીક, ઉચ્ચવચતા, ભેદભાવ, અસ્પૃષ્યતા વગેરેનો સાક્ષાત અનુભવ છે. અત્યાચાર, શોષણ, અવહેલના, દમન અને રોજીંદા જીવનમાં બનતી સામાજીક ઘટનાઓમાંથી પસાર થયા છે. ગામડાંઓની કહેવાતી સવર્ણ કોમો તરફથી જેજે વેઠવાનું આવ્યું તેનો ભોગ ખુદ લેખક અને તેમના પરિવારજનો બન્યા છે. પરિણામે સ્વાનુભૂતિની વેદના આ વાર્તાઓમાં પ્રગટ થતી જોઈ શકાય છે. મોટાભાગની વાર્તાઓમાં જીવન વ્યયકારિક સમસ્યાઓ છે. પાણી, પ્રેમ, જમીન ખેડવી, મંદિરમાં પ્રવેશ, પાણી ભરવાના કે પીવાના પ્રશ્નો , જુદા જુદા કપમાં ચા આપવી, જોર જબરીથી શારીરિક સુખ માણવું, મફતમાં દલિતો પાસેથી લાભ લેવો, દલિત માણસનું સતત અપમાન કરવું. મેલું ઉપડાવવું, સરપંચ હોવા છતાં નીચે બેસાડવા, ગામડાની નિશાળમાં પરબમાં અસ્પૃષ્યતા પાળવી, માથે મેલું ઉપાડવું. મરેલા ઢોર તાણી જવાં જેવા ધૃણાજનક અપમાનો , અન્યાયો નો સામનો આ વિદ્રોહ છે.

દરેક દરેક વાર્તાના પાત્રો દલિતપણાની પીડાતા નથી પણ દલિત હોવાને નાતે લોકો તરફના વ્યવહારથી પીડાય છે. લોકો માનવને – માનવ તરીકે નહીં પણ એક જાતિ તરીકે મૂલવીને નીચે બેસાડી દે છે. તે અસહ્ય લાગે છે. પછી ભલેને સરકારી નોકરી કરતો હોય, પોલીસ કર્મચારી હોય કે કપડે – વ્યવહારે સ્વચ્છતા રાખતા હોય પણ બધુંજ જાણે જાતમાં છૂપાઈ જતાં દલિત પાત્રોને સતત બીજાના સહારે જીવવું પડે છે તે વેદના વધુ કોરી ખાય છે. વાર્તાકાર ભી.ન. વણકરનો કરસનડોસો હોય કે જોસેફ મેકવાનનો છગનો હોય, રાઘવજી માધડનો સોમો હોય કે હરીશ મંગલમ્ નો દલો ઉર્ફે દલસિંહ હોય, નરક વાર્તામાં પોતાની જાત દલિત હોવાના નાતે રતન પોતાની જાતને જ ઠપકો આપે છે પણ તે શ્રેષ્ઠ પાત્ર છે પોતાની મજબૂરી ઓનો ઉઘાડ કરતું નારીપાત્ર છે. ધારવાઈ વાર્તામાં કરસન ડોસાનો પુત્ર મેઘનાથ એમ.બી.એ. સુધીનો અભ્યાસ કરીને પોતાની જાત મહેનતથી એક આગવું પ્રભાવશાળી વ્યક્તિત્વ ઉભું કરે છે. પણ લોકો એ સહન કરી શકતાં નથી અને કહે છે કે – 'લ્યા કરશન ડોસાને બદલે, આ કોણ સામું સઅ, લાલટેન બનીને ? આ મંગલો ન હું, નેના હતા ત્યારે ભેગા ભણતા , અમે હઉ એને રેંગણિયો કહેતા..... પણ અવસ્ જુઓને ઓળખાય સઅ.કોઈકે' કે સોકરો...(પૃ. ૧૦૧) (પણ) હરિજનોમાં આવેલો સુધારો પણ પેલા સવર્ણોને નડે છે તેની આ સાબિતી છે. જ્યારે જી, સાહેબ... વાર્તાનો નાયક અધિકારી બન્યા પછી નાતજાતના ભેદ ભુલી સર્વને સમાન ન્યાયદૃષ્ટિથી જોવાની કથાનાયકની ઈચ્છાઓનું મારણ એની સ્વભાવગત નબળાઈઓને કારણે થાય છે. આમ, સમગ્ર વાર્તા સંગ્રહના બધાજ પાત્રો કોઈને કોઈ પ્રકારની વેદના ને વ્યથાથી ભરેલાં છે.

બધીજ વાર્તાઓના સર્જકો ગ્રામ્ય જીવન અને તળપ્રદેશ ના પરિચિત છે. બધીજ વાર્તાઓમાં તળપ્રદેશમાં સહજતાથી રોજિંદી બોલાતી બોલીના સંવાદો અને ભાષાશૈલી પ્રયોજાઈ છે. દરેક વાર્તાને તેની સ્થાનિક બોલી સંવાદો જ અસરકારક બનાવે છે.હીંડો આઘા ર્યો ! ચ્યારે, જસી કે ! , હવઅ મારો પીય્યો, કપાતર, ઈનુ નખ્ખોદજાય, જેવા તળપદા શબ્દો સંવાદો અને દલિત સમાજજીવનના પારિભાષિક શબ્દો આકર્ષક છે. સંગ્રહ ની બધીજ વાર્તાઓ પણ ભાષાકથનને કારણે શ્રેષ્ઠતા પામી છે. પાત્રો અનુસાર બોલી, પ્રદેશ અનુસાર રિવાજ, વાતાવરણ અનુંસાર વર્ણનો અને માણસો સાથેના 'જેવા સાથે તેવા' સંવાદોજ ભાષાશૈલીમાં મજબૂત બળપૂરું પાડે છે 'નરક' વાર્તામાં રતન ના મુખે મનોમન પીડાતી રતન કેવું બોલે છે. – બળ્યાં વાહની આગળ ન સી કે! રોજ હવારમાં જઉંસું. કોક દન સાફ થેલાં હોય તો ઠીક મારી બાઈ..... નરક હરખું બેહાય એવુંય ચ્યાં

હોય સે.....(પૃ.પર) જ્યારે ‘રઢ’ વાર્તામાં જેઠો લાચારી ભર્યા સ્વરે બોલે છે કે – બાપુ અમે તો તમારાં વસવાયાં, અમને વળી ચરબી કેમની ચડે (પૃ.૧૩૫) ‘ઉકરડા’ વાર્તાની શાંતા, વાલાને શોધી રહી છે ત્યારે, ક્રોધ ભર્યા સ્વરે બોલી ઉઠે છે કે - ઈની માનો મોંટી હાથમઅ આઈ જયો હોત તો આજ ઈનો ટોટો પીસી નાખત...(પૃ-૧૧૩)

આમ સમયસ્થિતિના સર્જને વાર્તા ગૂંથાઈને આવે છે. વાતાવરણ અને પરિવેશ ભાષાની સાથે દૂધમાં સાકરભળે તેમ એકરસ થઈને વાર્તાને સુંદરતા બક્ષે છે. ગામડામાં ઉછરેલા ભોળુ માનસ ધરાવતાં પાત્રો, તળપદા સમાજના માનવીઓ, રૂઢિપ્રયોગો, લખાણોથી સભર તળપદી બોલી તેમના સંસ્કારો દલિત કૃતિનાં આંતરબાહ્ય સૌંદર્યની માવજત કૃતિને કેવી નોખી-અનોખી બનાવે છે. દરેક કૃતિનાંરહસ્યોને પામ્યા જ કરીએ તેવી તેની વર્ણન – છટા અને કળા કૌશલ્ય છે.

આમ, ગુજરાતી દલિતવાર્તાએના વિશિષ્ટ લક્ષણો ને લીધે ગુજરાતી સાહિત્યમાં મહત્વની ધરીપર છે. શ્રીમોહન પરમારે દલિતવાર્તાના વિશાળજૂથમાંથી  શ્રેષ્ઠ વાર્તાકારોની શ્રેષ્ઠવાર્તાઓ પસંદ કરી અભ્યાસનો આદર્શમૂર્ત કર્યો છે. દલિત વાર્તાસૃષ્ટિ નું સંપાદન કરી પુરુષાર્થભરી પરંપરા આગળ ચલાવવા માટે શ્રી મોહન પરમારને અભિનંદન .

સંદર્ભગ્રંથ

૧. દલિત ગુજરાતી વાર્તા : ૧૯૯૫ અજિત ઠાકોર. રાજેન્દ્ર જાડેજા પ-૭૧
૨. દલિતવાર્તા સૃષ્ટિ: સંપાદક- મોહનપરમાર પૃષ્ઠ-૧૩,૪૪
૩. ગુજરાતી દલિત ટૂંકીવાર્તા ઓ સંપાદક દલપત ચૌહાણ
૪. દલિતવાર્તા સૃષ્ટિ-પૃ-૫૧,૧૩૫,૧૧૩,૧૦૧
૫. અનુબંધ જયેશ ભોગાયતા – પૃ-૬૭